# 11th Round of India-China Corps Commander Level Meeting

April 10, 2021

## ભારત-ચીન લશ્કરી કમાન્ડર્સ સ્તરની બેઠકનો ૧૧ મો દોર

એપ્રિલ 10, 2021

ભારત-ચીન લશ્કરી કમાન્ડર્સ સ્તરની બેઠકનો ૧૧ મો દોર ચુશૂલ-મોલ્ડો. સીમાના બેઠક સ્થળ ખાતે તા. ૯મી એપ્રિલ 2021 ના રોજ યોજાયો હતો. બન્ને પક્ષોએ વાસ્તવિક નિયંત્રણ રેખા પર પૂર્વ લદાખમાં સૈન્યદળ પાછા ખેંચી લેવામાં બાકી રહેતા પ્રશ્નો અંગેના ઉકેલ એક-બીજાના દષ્ટિબિંદુઓનું વિસ્તૃત આદાન-પ્રદાન કર્યું હતું. બન્ને પક્ષો હાલના ઊભા રહેતા પ્રશ્નોનાં ઉકેલ, અસ્તિત્વમાં રહેલ કરાર અને પ્રોટોકોલ મુજબ, તેજીથી અમલમાં આવે તેવી જરૂરિયાત પર સહમતિ સાધી હતી. આ સંદર્ભમાં એ બાબત રેખાંકિત કરવામાં આવી હતી કે સૈન્યદળો અન્ય વિસ્તારમાંથી પરત ખેંચી લેવાનું પૂર્ણ થાય તે બન્ને પક્ષોના દળોના સંઘર્ષ ઓછા થવાની વિચારણાંની કેડી કંડારશે તથા શાંતિ અને અમનના સંપૂર્ણ પુન: સ્થાપનની ખાત્રી આપશે અને બંને દેશોના અરસ-પરસ સબંધોમાં પ્રગતિ કરશે. બન્ને પક્ષોએ સહમતિ સાધી હતી કે તેમના નેતાઓનું સર્વસંમત માર્ગદર્શન લેવું, વાત-ચિત અને સંવાદ ચાલુ રાખવા અને બાકી રહેતા પ્રશ્નોનો વહેલી તકે પરસ્પર સ્વીકૃત ઉકેલ આવે, તે મહત્વનુ હતું. તેઓએ છમકલા ન કરવા, નવા બનાવો નિવારવા અને સીમા વિસ્તારમાં સંયુક્ત રીતે શાંતિ જાળવવા સંયુક્ત રીતે સહમતિ સાધી હતી.

નવી દિલ્હી

એપ્રિલ 20, 2021

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.